ત્યારે ગોરખનાથે કહ્યુ કે, હું આપને ગુરૂમંત્ર ચોક્કસ આપું પણ આપણાં બંને વચ્ચે ગુરૂ-શિષ્યનો ભેદ નહીં રહે તેમ કહી યોગી ગોરખનાથે લાલ ઉદેરાયને ગુરૂમંત્ર આપી આશિર્વચન આપતા કહ્યુ કે, હે ઉદેરાય હું જેમ અમર યોગી કહાઉ છું તેમ તમે પણ સંસારમાં 'અમરલાલ' નામથી ઓળખાશો. તમે જીવતા જાગતા પીર છો આથી લોકો તમને 'જીંદાપીર' ના નામથી પણ પુજશે.

લાલ ઉદેરાયએ નાથ સંપ્રદાયનો મંત્ર લીધો અને અવિવાહીત રહી અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળીને માનવધર્મનો ઉપદેશ આપવાનો સંકલ્પ કરી ઘેર આવી તેમનાં નાના ભાઇ સોમા અને ભેદાને સંસારની માયા છોડી યોગમાર્ગે આગળ વધવા ઉપદેશ આપ્યો. ત્યારબાદ સર્વત્ર ફરી ફરીને ઉપદેશ આપવાનું શરૂ કર્યુ અને નિર્ગુણ - સગુણ ઉપાસનાનો સમન્વય કરી તેમણે જ્યોત ઉપાસનાના સ્વરૂપને મુખ્યત્વે સ્વિકારી અંદરનાં આત્મતત્વને જ્યોત સાથે સરખાવી તેમણે જ્યોતને પ્રતિક સ્વરૂપે પધરાવી.

લાલ ઉદેરાયની તેજસ્વી મેધાને નિહાળી હિન્દુ-મુસ્લિમ અને અન્ય કોમનાં ઘણાં બધાં ભાવિક વ્યક્તિઓ તેમના શિષ્ય બન્યા. આ પૈકી ઠક્કર (લોહાણા) જ્ઞાતિનો પુરુષ નામે પુંગર તેમનો અનન્ય ભક્ત અને શિષ્ય બન્યો. તેમની ભગવાનની ભક્તિભાવમાં અગાઢ શ્રદ્ધા જોઇ લાલ ઉદેરાય તેમને સિંધુતટે લઇ ગયા અને ત્યાં તેમનાં માથા પર હાથ મુક્તા પુંગર ભાવસમાધિમાં લીન થયો અને તેમને સાગર તળીયે નારાયણનું અલૌકિક દર્શન થયું. અને એક રત્નજડિત સિંહાસન દેખાયુ તેના ઉપર એક દિવ્ય જ્યોતનાં દર્શન થયાં અને ભક્ત પુંગરે લાલ ઉદેરાયને કહ્યું કે, મહારાજ મે આપની સૃષ્ટિનાં અને શક્તિનાં દર્શન કર્યા છે તે બદલ હું અહોભાગી છું અને આપની સગુણ - નિર્ગુણ ભક્તિમાર્ગનો સાચો મર્મ મને સમજાયો છે. હું આપનાં સાંનિધ્યમાં રહીને ભક્તિના પંથે વિચરીશ. આમ કહી મંદિરની બહાર આવતાં પુંગરને ચોતરફ અલૌકિક ભવ્ય નગરીના દર્શન થતાં પુંગર આશ્ચર્ય દિગ્મૂઢ બન્યો. ત્યારે લાલ ઉદેરાયએ ગંભીર વાણીમાં કહ્યુ કે, જેણે મહાસિદ્ધ યોગ કર્યો હોય તેને જ આવી અસાધારણ મહાશક્તિ પ્રાપ્ત થાય. ત્યાર બાદ ભક્ત પુંગરનાં કહેવાથી લાલ ઉદેરાયએ તેમના પ્રિય શિષ્યને યોગની ચાર ભૂમિકાઓ સમજાવતાં મંત્રયોગ, હઠયોગ, લયયોગ અને રાજયોગ આ ચારેય મળી ચતુર્વિદ યોગને મહાયોગ કહેવાય અને યોગશાસ્ત્રમાં આ યોગ સિદ્ધ કરનારને મહાયોગી કહેવામાં આવે છે એમ કહી ભક્ત પુંગરને વરૂણાલય નામના એ ભવ્ય મહાલયમાં એક જ્યોત મંદિર હતું ત્યાં લઇ ગયા અને ત્યાં અલૌકિક એક-એકથી ચડિયાતી સાત વસ્તુઓ ત્રિમોલી જારી, અગ્નિ, કંથા, વેઢ, ઢકલા, દેગ, આ અદ્ભુત વસ્તુઓના દર્શન કરાવ્યાં. આ સાતેય અદ્ભુત વસ્તુના દર્શન કરી ભક્ત પુંગર વિસ્મય પામ્યો અને આ બધુ કેવી રીતે બન્યુ તેમ પ્રશ્ન કરતાં લાલ ઉદેરાયએ જણાવ્યું કે, મારા ગુરૂ ગોરખનાથની આ કૃપા છે અને તેમણે મને સિદ્ધ યોગ સમજાવ્યો છે. સિદ્ધયોગ દ્વારા અસાધારણ પરાશક્તિઓ પ્રાપ્ત થાય છે અને વિષયોના ધર્મલક્ષણ અને અવસ્થા પરિમાણ હોય છે. ત્રણેય પરિમાણોમાં સંયમ કરવાથી ભુત, ભવિષ્ય અને સાક્ષરાત્મક જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાનની પૃથકતામાં સંયમ કરવાથી પશુ-પક્ષીની ભાષાનું જ્ઞાન થાય છે. સંસ્કારો ઉપર સંયમ કરવાથી સંસ્કારોનો સાક્ષાત્કાર થઇ તેના સંબંધિત સમસ્ત પૂર્વજન્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

હે પુંગર ! આ સિદ્ધયોગથી અનેક અલૌકિક શક્તિઓ પ્રાપ્ત થાય છે. આમ કહી લાલ ઉદેરાયએ અલૌકિક સાતેય વસ્તુઓનો પ્રભાવ સમજાવી જ્યોતનો મહિમા સમજાવતાં કહ્યુ કે,જ્યોતની સાધનાથી મુળાધારને સિદ્ધ કરવામાં આવે છે. મુળાધારથી બ્રહ્મરંન્ધ્ર સુધી મેરૂદંડમાં ઇડા, પીંગલા અને સુષુમણા નામની ત્રણ યોગનાડીઓ વહે છે, સુષુમણા વચ્ચે આવેલી છે. ડાબી ઇડા ચંદ્ર નાડી અને જમણી પીંગલા સૂર્યનાડી છે.પ્રણાયામ દ્વારા સૂર્ય ચંદ્રનો સંયોગ કરી સુષુમણામાં પ્રાણની ગતિ કરી મન પવનની ગતિ પણ પલટાવી શકાય છે પછી ત્રિવેણીમાં ડુબકી લગાવવાથી ચારેય તરફ અંજવાળાનો અનુભવ થાય છે તેને જ્યોત કહેવાય છે અને એમ કહી લાલ ઉદેરાયએ જ્યોતનાં દર્શન કર્યા અને પુંગરને પણ કરાવ્યા.

આમ કહી, લાલ ઉદેરાયએ અલૌકિક અને અદ્ભુત સાતેય વસ્તુઓનો મહત્વ વિસ્તારપૂર્વક ભક્ત પુંગરને કહ્યો. તેમણે સમજાવ્યું કે, સર્વ સિદ્ધીનું કારણ માત્ર ભાવ છે. કાષ્ઠ, ધાતુ કે પાસાણની પ્રતિમાને પૂજવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તે માત્ર ભાવનુ પરિણામ છે માટે ભાવનો ક્યારેય ત્યાગ કરવો નહિ અને ભાવ જ વિશ્વભરનું પરમ પૂનિત સુક્ષ્માતિસૂક્ષ્મ સાધન છે. પુંગરને યોગમાર્ગનું અગાધ રહસ્ય સમજાવ્યા પછી લાલ ઉદેરાયએ ઘરની સર્વત્ર મોહમાયાનો ત્યાગ કરી અને ગૃહનો ત્યાગ કરી ધર્મનો ઉપદેશ આપવાનું શરૂ કર્યુ અને નગરઠઠ્ઠાના બાદશાહ મરખ શાહ સાથે ને મૌલવીઓ સાથે ચર્ચાઓ કરી તેમને ભારપૂર્વક સમજાવ્યુ કે, અલ્લાહ, ઇશ્વર એક છે. કુર્રાન મુજબ જેમ અલ્લાહ કહેવાય છે તેમ ઋગ્વેદ મુજબ ઇશ્વર કહેવાય છે. અર્થાત્ દરેક મનુષ્ય એક જ પ્રવાહમાંથી જન્મેલ હોય સર્વે એકબીજાના ભાઇ છે અને દરેક જીવને જન્મ આપનાર એક જ પરમાત્મા છે. મુસલમાન ફકીરો પરમાત્માને 'રબ્બુલ આલમીન' પણ કહે છે. પરંતુ આંતરીક ઉતરીને જોતાં અનુભવે સત્ય સમજાય છે કે, હિન્દુ, મુસલમાન કે બીજા ધર્મના બધાને જે એકસરખુ દેખાય છે અને તે સત્ય સ્વરૂપ છે અને લાલ ઉદેરાયની જ્ઞાનવાણીથી સંમોહિત થયેલ બાદશાહ મરખ શાહે હિન્દુઓ પર અત્યાચાર કરવાનું છોડી તેમને હિન્દુ ધર્મ પાળવા છુટ આપી ત્યાર બાદ લાલ ઉદેરાયએ સમગ્ર સીંધમાં પદયાત્રા કરી હિન્દુ-મુસ્લીમો વચ્ચે ભાઇચારો દઢ બનાવ્યો અને તેઓ નરસપુર ગામે આવ્યા. ત્યાં દરીયા સ્થાન નામનું મંદિર બનાવી ત્યાં સ્થિર થયા અને શુભ દિવસે ભક્ત પુંગરને આપેલી અલૌકિક સાત વસ્તુઓ મંગાવી બહોળી સંખ્યામાં ભક્તજનોની હાજરીમાં મંદિર સ્થિત સિંહાસન પર પ્રથમ અખંડ જ્યોતની સ્થાપના કરી બાજુમાં જાળી પધરાવી સિંહાસન સમક્ષ એકબાજુ ઢકલાને ગોઠવ્યો અને એક ખુણામાં દેગની સ્થાપના કરવામાં આવી અને બાકી રહેલ કંથાને, વેઢ પુંગરને પહેરાવી આ જ્યોતિના પુજક તરીકે પુંગરને નિમવામાં આવ્યો અને સર્વેને જ્યોતિ અને જલનો મહિમા સમજાવ્યો અને આ દરિયાસ્થાન મંદિરે લાલ ઉદેરાય હરહંમેશા બેસીને ધર્મોપદેશ ભક્તજનોને આપતાં અને ત્યાં સર્વજાતિનાં ભક્તજનો ઉમટી પડતા અને અનેક ભિક્ષુઓ પ્રસાદ લેવા ટોળે વળતાં.

લાલ ઉદેરાયએ ભક્તજનોને તત્વ ચિંતન સમજાવતાં વર્ષો સુધી ધર્મોપદેશ આપ્યો અને એક દિવસ લાલ ઉદેરાયએ લોહાણા સમાજનાં જ્ઞાતિજનોને બોલાવીને જણાવ્યુ કે, હે લોહર ક્ષત્રિયો મારૂં અવતારકાર્ય પૂર્ણ થયુ છે. સર્વદેવો જ્યોતિર્મય અને જળમય હોય જ્યોતિ અને જળની ઉપાસનાનો નવિન માર્ગ મે સૌને બતાવ્યો છે અને આ માટે દરીયા સ્થાનની સ્થાપના કરી છે માટે હે પ્રિયજનો મારા મંતવ્યને પુરાતન ધર્મનો એક માર્ગ માનજો. મે આ નવીન મતની આજના પલટાયેલ યુગમાં સ્થાપના કરી છે જે દરેક માટે શ્રેયસકર છે. માટે તમે સૌ મારા મતનો અંગીકાર કરી જે ગ્રામ કે શહેરમાં લોહર ક્ષત્રિય સમાજનાં લોહાણાઓ નિવાસ કરતાં હોય તેઓ ત્યાં દરીયાસ્થાન બનાવી તેમાં વિધીપૂર્વક જ્યોતિની સ્થાપના

**સૌજન્ય : 'વિશ્વ લોહાણા પરિષદ', તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬**